ધર્મ અને પંથ

આત્મપ્રિય સુશીલ બહેનો અને સુજ્ઞ બાંધવો,

ધર્મ અને પંથ એ બંને સાપેક્ષ દૃષ્ટિએ વિચારીએ તો કેવળ ભિન્ન નથી, તેમ કેવળ અભિન્ન નથી. આપણે શ્રવણ કર્યું કે ધર્મમાંથી પંથ ઉદ્દ્ભવે છે અને પંથો પરસ્પર કલહ કરે છે. તેમ વકતાની દૃષ્ટિથી તો પરસ્પર સંપ પણ કરે છે એટલું જ નહિ પણ સુસંપ પણ કરે છે.

જે પંથ કે સંપ્રદાયની દૃષ્ટિ તેના સાધ્ય એટલે ધર્મપર છે તે પંથ કે સંપ્રદાય તે જ ધર્મમાંથી નીકળેલા માર્ગની પેઠે–તે જ વૃક્ષમાંથી નીકળેલી શાખાની પેઠે–તે જ સુવર્ણમાંથી ઉત્પન્ન થતાં નાના પ્રકારનાં આકારવાળા અલંકારોની પેઠે, તેઓને પોતાના બંધુ ગણશે, કારણકે તેમનું ઉત્પત્તિ સ્થાન એક જ છે–ધર્મ છે.

ધર્મ એ દ્રવ્ય છે અને પથ એ તો તેનો પર્યાય છે. ધર્મ એ સુવર્ણ છે, અને પંથ એ સુવર્ણની મુદ્રિકારૂપ તેનો આકાર છે. આ હેતુથી જે સંપ્રદાય પોતાના આત્માને એટલે પોતાના મૂળને સંપૂર્ણપણે વળગી રહ્યો છે, તેને તે જ ધર્મમાંથી નીકળેલો બીજો સંપ્રદાય વિરોધી નથી લાગતો, પરંતુ વિવિધ લાગે છે, Different નથી લાગતો પરંતુ various લાગે છે. આ દૃષ્ટિથી ધર્મપંથો પોતાના બંધુ પંથોને જોતાં શીખે તો જગતની વિવિધતામાં જેમ આનંદ છે, તેમ આ પંથોના સમન્વયમાં પણ આનંદ લઈ શકીએ.

હારમોનિયમમાં જેમ 'સા રી ગ મ પ ધ ની,' એવા સાત સૂરો છે, પ્રત્યેકનો સૂર વિવિધ છે તથાપિ તેમની harmony–સંવાદન–આપણે ઉપજાવી શકીએ છીએ. તેમ પંથોમાંથી પણ આપણે સંવાદન ઉત્પન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી શકીએ. તથાપિ આપણું ઐક્ય ક્યાં છે–આપણું મૂળ ક્યાં છે! એ આપણે જોવું જોઈએ, નહિ તો મૂળ ઉપર કુઠાર પડશે અને જો મૂળનો નાશ થશે તો મૂળમાંથી ઉત્પન્ન થયેલા પંથનો પણ નાશ થશે.

હવે પંથો વિધવિધ થવામાં શો કુદરતનો હેતુ છે એ આપણે જરા વિચારદૃષ્ટિથી તપાસીએ. આત્મામાં અનંત ગુણો છે. અને એ સઘળા ગુણો ખીલવવાનો આત્મામાંથી ફુટેલા ધર્મનો મુખ્ય ઉદ્દેશ છે. તથાપિ મનુષ્ય સઘળા ગુણો એકી વખતે સંપૂર્ણપણે ખીલવી શકતો નથી. એથી કોઈ ધર્મપંથસંસ્થાપક, જ્ઞાનને મુખ્ય કરી આત્માના બીજા ગુણોને ગૌણ રાખી તેની ખીલવટ પોતે કરી પોતાને અનુસરનારાઓ પાસે એળે એળે કરાવતા રહે છે.

તેજ પ્રકારે કોઈ દર્શનને મુખ્ય કરે છે, અને જ્ઞાન અને ક્રિયાને ગૌણ રાખે છે. તેમ જ કોઇક સંપ્રદાય ઉપદેશે છે કે ચારિત્ર વિના–જ્ઞાન દર્શન ક્રિયામાં આવ્યા વિના સર્વ ખોટું છે.

હવે આપણે જાણીએ છીએ કે સમ્યક્જ્ઞાનમાંથી અનંતજ્ઞાન, સમ્યક્દર્શનમાંથી અનંતદર્શન અને સમ્યક્ચારિત્રમાંથી અનંતઆનંદ–એ ત્રણે સમપ્રમાણમાં ખીલે નહિ ત્યાં સુધી તેનો સમન્વય થવો દુર્લભ છે. માટે જ્ઞાનપ્રિયોએ દર્શનપંથ અને ચારિત્રપંથની અવગણના કર્યા વિના જ્ઞાનપંથમાં રહી, વિકાસ કરવો અને દર્શનપંથીઓની અને ચારિત્રમાર્ગીઓની અનુમોદના કરવી જોઈએ. આમ કરવાથી જ્યાં વિરોધ દેખાય છે ત્યાં વિવિધતા દેખાશે.

હવે આપણે જોઈએ કે જૈનસમાજમાં દેખાતા ત્રણ સંપ્રદાયો અને તેમાંના એકુકા સંપ્રદાયમાં રહેલા સંઘાડા અને ગચ્છો અનેક છે. છતાં એક વૃક્ષમાં શાખા ત્રણ હોય અને પ્રત્યેક શાખા ઉપર ફળો જુદે જુદે અંતરે હોય, તથાપિ વૃક્ષના ફળમાં, ફુલમાં, પત્રમાં, ડાળીઓમાં, ડાળામાં, થડમાં, મૂળમાં, એક જ રસ (juice) સર્વત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાપી રહેલ હોય છે. તેમ આ સર્વ જુદા જુદા નામે જણાતાનો આત્મા, ધર્મરૂપ વૃક્ષમાં સમાયો છે.

બીજું એક દૃષ્ટાંત આપણે લઇએ. દિગંબર, શ્વેતાંબર કે સ્થાનકવાસી એ સર્વે જૈનધર્મ માનનારાઓ લગભગ સરખી સખ્યામાં વહેંચાયા છે. પરસ્પરને નિંદતા જેમ જોવામાં આવે છે તેમ પરસ્પરમાં રહેલા ગુણોને જોઈ સ્તુતિ કરનાર પણ કોઈ કોઈ ગુણદૃષ્ટિઓ જડી આવે છે.

આપણે જૈનધર્મ માનનારાઓ સવા તેર લાખ જૈનોને અમદાવાદે આમંત્રીએ. અને પછી એક સર્કલમાં ગોઠવીએ. એટલે કે દિગંબર, તેની જોડે સ્થાનકવાસી અને તેની જોડે દેરાવાસી, એ સર્વને એક સર્કલમાં ઉભા રાખી વચમાં આપણા પુણ્યોદયે શ્રી મહાવીરસ્વામી પધારે તો તેને કોણ વંદન નહિ કરે ? વંદન કરનાર દિગંબર હો કે, શ્વેતાંબર હો, સ્થાનકવાસી હો કે, તારણપંથી હો, પરંતુ શ્રી મહાવીરને પોતાના **ધર્મપિતા** તરીકે સર્વ વંદશે–પૂજશે–આજ્ઞા શિરોધાર્ય કરશે, અને હૃદયમંદિરના સિંહાસનપર બેસાડી તેમની આરાધના કરશે. સર્વ આવેળાએ એ જ પ્રભુનું પૂજન કરે છે, ત્યારે આપણી એકવાક્યતા– આપણો સમન્વય આપણી harmony આપણો સંવાદન ક્યાં છે, તે આ ઉપરથી જોઇ જકાશે.

વંદન, નમનનાં વિધાન જુદાં નથી, પણ વિધવિધ છે, પરંતુ એ વંદન કે નમન શ્રી મહાવીરને છે એ વાત ઉદારદીલ તો સ્વીકાર્યા વિના નહિ રહે.

શ્રીમહાવીર આ પ્રમાણે આપણા સર્વના–સવાતેરલાખના જો ધર્મ-**પિતા** છે તો આપણે તેના **ધર્મ-ઔરસ પુત્રો** છીએ. અને તેથી આપણે એ **એક પિતાના** ધર્મપુત્રો હોવાથી બધા બાંધવો છીએ. માટે આપણી દૃષ્ટિ આપણા સઘળા વિધાનોમાં પ્રથમ શ્રી મહાવીર તરફ હોવી જોઇએ અને પછી આપણા બાંધવો પર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલીક જગોએ કહેવામાં આવે છે કે તર્કથી સમાધાન ન થાય; પરંતુ તર્ક કરનાર જો સત્યપ્રિય હોય તો તે અનેક તર્કોનો પણ,—અનેક અપેક્ષાઓનો પણ સમન્વય કે સમાધાન કરી શકે.

અપેક્ષાવાદ કે સ્યાદ્વાદનો આત્મા જ સમાધાન છે. અને અપેક્ષાઓ એક સત્યમાંથી ઉત્પન્ન થતા વિધાવધ તર્કો છે.

વક્તાને તો જણાય છે કે 'મુંડે મુંડે મતિર્ભિન્ના' એમ જે કહેવાય છે–many men, many thoughts–એ જે કહેવત છે, તે અણસમજુ કે અજ્ઞાન મનુષ્યોને માટે ભલે હો, તથાપિ તેઓ ન જાણે તેવી રીતે પણ તેઓની એક વાકયતા કુદરત જાળવી રાખે છે. ઘણા આચારોમાં પણ વિચાર એક હોય છે.

ચીંનની સ્ત્રીઓ પોતાના પગ બહુ ટુંકા હોવામાં સુંદરતાનું દર્શન કરે છે, અને યુરોપ અમેરિકાની સ્ત્રીઓ પોતાની કમ્મર ટુંકી કરી નાખવામાં સુંદરતા દેખે છે.

જાપાનમાં નાક દાબેલું હોય અને ચપટું હોય તો તે સુંદર ગણાય, અને ઇરાનમાં તાણીને પણ લાંબુ રાખ્યું હોય તો સુંદર ગણાય.

બ્રાહ્મણો ગંગામાં સ્નાન કરી વેદના મંત્રો ભણી હિંદુ યજમાનને પવિત્ર કરે છે, એ જ પ્રકારે ક્રિશ્ચિયન બેપ્ટીસ્ટો હોજમાં યજમાનને બેપ્ટીઝમ આપી બાઇબલનાં સૂક્તો ભણી પવિત્ર કરે છે.

આ દૃષ્ટાંતથી જણાય છે કે આચારમાં વિવિધતા હોવા છતાં પણ સુંદરતા અને પવિત્રતા વગેરે ગુણોમાં આખી માનવજાતિની જ એક વાકયતા છે–unity છે. માટે સો શાણા એ એકમત એવું જે કહેવાય છે તે સ્યાદ્વાદના સિદ્ધાન્તથી માનવજનતામાં આણી શકાય ખરું.

જુઓ, આપણા જૈનમાં ત્રણ સંપ્રદાયો છે અને ત્રણે માનીએ છીએ કે સમ્યક્જ્ઞાન, દર્શન અને ચારિત્રથી મુક્તિ છે. તથાપિ એ ત્રણે ગુણોને ખીલવવામાં તમે બારીક વિચારથી જોશો તો દરેક સંપ્રદાય એક ગુણને મુખ્ય રાખી, બીજા બેને ગૌણ કરી પોતાનો ધાર્મિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિકાસ કરી રહ્યા છે. કોઈ જ્ઞાનને, તો કોઈ દર્શનને, તો કોઈ ચારિત્રને. માટે એ સંપ્રદાયો જેને ભિન્ન ભિન્ન લાગતા હોય તેને તેમ લાગો, તથાપિ વક્તાને તો તે વિવિધ જણાવાથી અખિલ જૈનતાના પ્રત્યેક સંપ્રદાયમાં ભળી ત્રણે ગુણોને સમાન કક્ષામાં લાવવાનો પ્રયોગ કરી રહ્યો છે.

સ્થાનકવાસીઓ મૂર્તિને માનતા નથી, પરંતુ વક્તાની દૃષ્ટિએ પ્રભુ મહાવીરને માને છે, પ્રભુ મહાવીરની માનસપૂજા પણ કરે છે, તેમનું જ સ્મરણ કરે છે અને તેમના ગુણો ઉપર યથાશક્તિ ધ્યાન પણ કરે છે. આ જ પ્રકારે દિગંબર સંપ્રદાયનો તરણતારણપંથ મૂર્તિને માનતો નથી તથાપિ, શ્વેતાંબરના સ્થાનકવાસી સંપ્રદાયની માફક શ્રીમહાવીરની જ માનસપૂજા-સ્મરણ-ધ્યાન કર્યા કરે છે. આપણે શ્વેતાંબરો ઉપરનું તો બધું કરીએ છીએ એટલું જ નહિ પણ એ સઘળાં વિધાનો ઉપરાંત મૂર્તિદ્વારાએ પણ એ પ્રભુનું પૂજન કરીએ છીએ.

વક્તાને તો જણાય છે કે મૂર્તિપૂજક નામ આપણને આપણા વિરોધીએ આપેલું છે. આખા જગતના, લાલનના યથાશક્તિ કરેલા પ્રવાસ-અનુભવપરથી જણાય છે કે કોઈ મૂર્તિપૂજક નથી. બધા એક સરખી રીતે પ્રભુપૂજક છે. દાખલા તરીકે—

લાલન પોતાના એક બ્રાહ્મણ મિત્ર સાથે ભુલેશ્વરના મંદિરમાં જાય છે. ત્યાં એક સંસ્કૃત શ્લોકથી તે એક મહાદેવની આ પ્રકારે પ્રાર્થના કરે છે—

મેરૂ પર્વત જેટલી થોડી શી શાહી હોય, સમુદ્રના સરખો નાનો શો ખડીયો હોય, કલ્પવૃક્ષની શાખાઓની કલમો ઘડી હોય, આખી પૃથ્વીને વીંટાઈ વળે એટલો નાનો શો કાગળનો ટુકડો હોય, અને એ ટુકડા પર સાક્ષાત્ સરસ્વતી પોતે નિરંતર, હે પ્રભુ! તારી સ્તુતિ લખે, તથાપિ તારા અનંત ગુણ માપી શકાય નહિ.'

આ જ પ્રકારે આમાં તમે પહેલેથી છેલ્લે સુધી જોશો કે એ બ્રાહ્મણપુત્રના આત્મા, માનસ કે વચન ક્યાં છે! તેનો આત્મા તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્માને જોઈ રહ્યો છે અને તેઓના જ ગુણનું વર્ણન કર્યા કરે છે.

જો એ પ્રતિમાનું જ દર્શન કર્યા કરતો હોત, તો તો એમ બોલત કે, 'હે પ્રતિમા, તને પાણાની ખાણમાંથી ખોદી કાઢી છે, ફલાણા કડીઆએ ઘડી છે, ફલાણા સલાટે તને ગોળમટોળ બનાવી છે!' આવું તો ક્યાંય પણ દેખાતું નથી. તો પછી એ મૂર્તિપૂજક કે પ્રતિમાપૂજક ક્યાં છે? એ તો પ્રભુપૂજક છે.

એ જ પ્રકારે એ બ્રાહ્મણ મિત્ર લાલનની સાથે ચિંતામણજીના મંદિરમાં આવે છે અને ત્યાં લાલન સંસ્કૃતમાં એક શ્લોક બોલે છે—તેની મતલબ આ પ્રકારે છે.

'એક સુંદર વન છે અને તેમાં સર્વ ચંદનના વૃક્ષો છે. એ ચંદનના વૃક્ષોની સુગંધથી આકર્ષાઇ તેની આસપાસ સર્પો વીંટાઈ રહે છે. પરન્તુ એ ચંદનવનમાં મયૂર દાખલ થાય છે. એટલે સર્પો મયૂરના ભયથી ચંદનને છોડી નાસી જાય છે. તેમ હે પ્રભુ પાર્શ્વનાથ, ચંદન જેવા અમારા આત્માની આસપાસ કર્મોરૂપી સર્પો વીંટાઈ રહ્યા છે અને અમારી આત્મસુગંધને વિષમય બનાવી રહ્યા છે. આપ અમારા હૃદયવનમાં મયૂરરૂપે પધારો એટલે કર્મોરૂપી સર્પો નાસી જઈ અમારી આત્મસુગંધને તમારા પ્રતાપથી અમૃતમય કરી અમને ને જગતને આનંદ આપે.

વક્તાનો બ્રાહ્મણ મિત્ર જોઈ શકે છે કે આમાં પ્રતિમા કે મૂર્તિનું દર્શન, પૂજન, કે વંદન નથી, પરંતુ શ્રી પાર્શ્વનાથનું જ દર્શન છે.

એ જ પ્રકારે વક્તા મોરબીના એક મિત્ર પાસેથી દસ હજાર રૂપીઆની એક નોટ લે છે, એને બદલે એ મિત્રને એ નોટ કરતાં સુંદર રૂપેરી કાગળ આપે છે, તથાપિ પોતે સ્થાનકવાસી હોવા છતાં પણ એ દસ હજાર રૂપીઆની નોટને રૂપીઆ જ માને છે તેમ આપણે વિધિયુકત થયેલી પ્રતિમાને મૂર્તિ કે પત્થર નથી માનતા પરંતુ પ્રભુ માનીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિગંબર સાધુઓ, દિશારૂપી વસ્ત્રથી પોતાના ચારિત્રનો નિર્વાહ કરે છે અને શ્વેતાંબર સાધુઓ પણ આચારાંગસૂત્ર પ્રમાણે 'અચેલક' જણાય છે.

'અચેલક' શબ્દનો અર્થ વસ્ત્રરહિત થાય છે, પરંતુ એનો અર્થ 'અચેલક' એટલે અલ્પવસ્ત્રવાળા કરવામાં આવે છે. આમ એક વસ્ત્રરહિત રહીને અને બીજા અલ્પવસ્ત્રમાં પણ મોહ નહિ રાખીને પોતાના ચારિત્રનો નિર્વાહ કરે એમાં વિરોધ સ્યાદ્વાદીને ક્યાંથી હોઈ શકે ?

સંવત્સરી પ્રતિક્રમણ કોઈ ચોથને દિવસે કરે છે, કોઈ પાંચમને દિવસે કરે છે. હવે પ્રતિક્રમણના હેતુ ઉપર જોઈએ તો પ્રમાદવશથી આત્મા પોતાનું સ્થાન છોડી પરસ્થાનમાં ગયો હોય—એટલે અતિચાર લાગ્યો હોય, તેને ધોઈ નાખવાનું છે. હવે પાંચમને દિવસે પરભાવમાંથી સ્વભાવમાં આવનારા અને ચોથને દિવસે પરભાવમાંથી સ્વભાવમાં આવનારામાં વિરોધ ક્યાં છે ! તે કંઇ સમજાતું નથી. માટે જો આશય એક જ છે—વિવિધ તિથિએ કરેલા અનુષ્ઠાનનું ફળ જો એક સરખું આવે છે તો પછી પરસ્પર **સુસંપ** શા માટે ન સધાવો જોઇએ ?

શાસ્ત્રમાં કહ્યું છે કે જે ક્રિયા સાધ્યને પહોંચાડે છે તે જ સમ્યક્ ક્રિયા છે. માટે ચોથ કે પાંચમ જો સાધ્યને પહોંચાડવાને બદલે સાધનમાંથી પણ ખસી જાય અને ખમાવવાને બદલે કલહ વધારે તો ધર્મને બદલે અધર્મ જગતમાં વધે માટે શ્રી મહાવીરને ધર્મન્યાયાધીશ રાખી—તેમના સ્યાદ્વાદ કે સમાધાનવાદથી વિશ્વના તમામ ધર્મમાર્ગો, ધર્મના નાના સંપ્રદાયો, અને સંપ્રદાયના પંથો—ગચ્છો અને સંઘાડાને જોતાં શિખીએ તો આ વિશ્વમાં સર્વ ધર્મ સુસંપતા—સંવાદનો સંભાળી જગત શાંતિથી સુપ્રગતિના પંથે ચાલતું જણાશે.

તા. ૨૧—૮—૩૦ લાલન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org